**DATE: 29/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# અંકલેશ્વર સારંગપુર ગામ અને આસપાસમાં પોલીસનું મેગા કોમ્બિંગ, 91 વાહનો જપ્ત

**પરપ્રાંતિય** વિસ્તારને ઉચ્ચાધિકારીઓ સાથે પોલીસની 17 ટીમોએ ધમરોળ્યો: 67 સામે બિરોલ, જાહેરનામા ભંગ, પ્રોહિબીશન જેવા કેસો કર્યા

અંકલેશ્વરઃ અંકલેશ્વર GIDCના સારંગપુર ગામને ફરી જિલ્લા પોલીસ ફોર્સે ધમરોળી 17 ટીમો દ્વારા 91 વાહન જપ્ત, 18 પ્રોહીબિશનના કેસ, 44 ભાડુઆતો સહિતના મુદ્દે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ભરૂચ જિલ્લા પોલીસ વડા ડો. લીના પાટીલની સૂચનાથી ફરી અંકલેશ્વરના પરપ્રાંતીય સારંગપુર ગામ અને આસપાસના વિસ્તારોમાં મેગા કોમ્બિંગ હાથ ધરાયુ હતું. જિલ્લા LCB, SOG, પેરોલ ફ્લો સ્કવોર્ડ, QRT, BDDS, GIDC, રૂરલ, અંકલેશ્વર સિટી સહિત 17 ટીમો જોડાઈ હતી. મેગા સર્ચમાં ASP, DYSP, 8 PI, 12 PSI અને 130 પોલીસ જવાનો જોડાયા હતાં. સારંગપુર ગામ, મીરાનગર, લક્ષ્મીનગર અને આસપાસની સોસાયટીઓમાં ચેકીંગ દરમિયાન 91 વાહનો જપ્ત કરાયા હતા. 67 વ્યક્તિઓ સામે બીરોલ, જાહેરનામા ભંગ બદલ 44 માલિકો સામે કાર્યવાહી, MCRના 22 કેસ, પ્રોહીબિશનના 18 કેસ, 8 પીધેલાઓ સામે કાર્યવાહી અને એચ. એસ.ના 5 કેસ કરાયા હતા.



## અંકલેશ્વર GIDC પોલીસ મથકે સાડા ચાર કલાકમાં 54 ગુના નોંધાયા !

અંકલેશ્વર જીઆઇડીસી પોલીસ મથક ક્રાઈમને લઈ હોટ સ્પોટ બની રહ્યું છે. જીઆઇડીસી પોલીસ મથકે ગણતરીના કલાકમાં રેકોર્ડ બ્રેક FIRની અડધી સદી નોંધાઇ છે. ભરૂચ જિલ્લાના 28 પોલીસ સ્ટેશનો પૈકી 27 પોલીસ સ્ટેશનમાં વીતેલા 48 કલાકમાં 48 ફરિયાદો નોંધાઇ છે. જેની સામે અંકલેશ્વર જીઆઇડીસી પોલીસ મથકમાં જિલ્લા પોલીસના મેગા સર્ચ ઓપરેશનને લઈ ચાલેલી કોમ્બિંગની કાર્યવાહીમાં એફ.આઈ.આર.નો રેકોર્ડ થઈ ગયો છે. એક જ પોલીસ મથકમાં માત્ર 4 કલાક અને 35 મિનિટમાં વિવિધ ગુનાઓમાં 164થી વધુ લોકો સામે 54 ફરિયાદ સંભવત: પહેલી વાર દાખલ થઈ છે.

**DATE: 29/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–05**

### ભંગાર મળી કુલ રૂા. ૧.૩૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

# જીતાલી ગામે આવેલી યોગી એસ્ટેટની કંપનીમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

### રૂરલ પોલીસે ૬ શખ્સોની અટકાયત કરી કાર્યવાહી કરી

। અંકલેશ્વર ।

અંકલેશ્વર તાલુકાના જીતાલી ગામ નજીક આવેલ યોગી એસ્ટેટ માં આવેલ એક કંપનીમાં થયેલ ચોરી માં રૂરલ પોલીસે ૬ શખ્સોને ઝડપી પાડી બે વાહનો મળી ભંગાર મળી કુલ રૂપિયા ૧.૩૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે .

પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વર રૂરલ સ્ટેશન નો સ્ટાફ પેટ્રોલીંગમા હતો તે દરમ્યાન જીતાલી ગામમા ત્રણ રસ્તા પાસે ચોરી ના આરોપી ઓ ભેગા થયેલ હોવાની મળેલી માહિતી ના આધારે પોલીસે જીતાલી ગામ ના ત્રણ રસ્તા પાસે રેડ કરતા પાંચ ઇસમો ની અટકાયત કરી પૂછપરછ કરતા તેઓએ સમીરકુમાર મનુભાઈ યાદવ ,દીપ્તેશ અશોકભાઈ પટેલ ,ઇરમાન મુમતાઝ શેખ ,રાકેશ અમરસીંગ રાઠવા અને,આકાશ હીરામણી વસાવા હોવાનું જણાવ્યું હતું પાંચેય ની સઘન પૂછપરછ કરતા તેઓ એ યોગી એસ્ટેટ માં આવેલ કંપની માં ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી ,અને ચોરી ના મુદ્દામાલ અંગે પૂછપરછ કરતા તેઓ એ ભંગાર નો વેપાર કરતા ચંદ્રશેખરે માનસિંગ વર્મા ને વેચી દીધો હોવાનું જણાવ્યું હતું. પોલીસે ચંદ્રશેખરની દુકાને તપાસ કરી પૂછપરછ કરતા ચંદ્રશેખરે મુદ્દામાલ લીધો હોવાની કબૂલાત કરતા તેની અટકાયત કરી દુકાન માંથી સ્ટીલ ની ફ્લેન્ચ તથા સ્ટીલ નો ભંગાર તેમજ એક મોટરસાયકલ, રીક્ષા, ૬ મોબાઈલ મળી કુલ રૂપિયા ૧ લાખ ૩૯ હજારનો મુદ્દામાલ કબજે કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

**DATE: 29/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

## નેત્રંગ પોલીસે બે ઈસમો પકડી જેલભેગા કર્યા

# ઝઘડિયા - વડોદરાથી બાઈક ચોરી કરતી ગેંગનો પર્દાફાશ

। ભરૂચ

નેત્રંગ પો.સ્ટેશનના પીએસઆઈ કે.એન.વાઘેલા અને પો.કર્મી વિજયસિંહ મોરીને બે ઈસમો નંબર પ્લેટ વગરની પેસન પ્રો મોટર સાઈકલ લઈ શંકાસ્પદ હાલતમાં નેત્રંગના શાંતીનગરમાં મોટરસાયકલો વેચાણ કરવાની ફિરાકમાં ફરે છે તેવી બાતમી મળતા શાંતીનગરમાંથી શંકાસ્પદ હાલતમાં બે ઈસમોને પકડી લીધા હતા.પકડાયેલ ઈસમો પાસેની નંબર પ્લેટ વગરની હિરો હોન્ડા કંપનીની પેસન મોટરસાયકલની પુછપરછ કરતા મહેન્દ્ર ઉર્ફે મહો મેરજી વસાવા (ઉં.૩૨ રહે.કરાડ તા.ઝગડીયા) અને સંજય પુનમ વસાવા (ઉં.૨૨ રહે. કોલીયાદ તા.કરજણ) ચોરીની હોવાની કબુલાત કરતાં ઝગડીયા પો.સ્ટેશનમાં ચોરીનો ગુનો દાખલ થયેલ હોવાનું જણાવતા રૂ.૨૦,૦૦૦ કબજે કરી હતી.જયારે વડોદરા શહેર એસ.એસ.જી. હોસ્પિટલ નજીકથી કાળા કલરની હોન્ડા કંપનીની સાઈન બાઈક નંબર-GJ-06-LF-૫૯૪૫ની ચોરી કરી આરોપીના મિત્ર વિશાલભાઈ અંબાલાલભાઈ વસાવા રહે.નબીપુર તા.જી.ભરૂચ નાઓના ઘરે મુકી આવેલાની કબુલાત કરી હતી.નેત્રંગ પોલીસે બંને આરોપીની ધરપકડ કરી આગળની તપાસ હાથધરી હતી.

**DATE: 30/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–04**

# અંકલેશ્વર જીઆઈડીસીમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ચાર જુગારીની અટકાયત

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઇડીસી પોલીસે બેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીની બાજુમાં જુગાર રમતા ચાર જુગારીને ઝડપી પાડ્યા હતા. અંકલેશ્વર જીઆઇડીસી પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, બેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપની પાસે ખુલ્લી જગ્યામાં જુગારધામ ચાલી રહ્યો છે. જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા કુલ ૧૦ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. એશિયન પેઇન્ટ ચોકડી સામે આવેલ સાંઇ ગોલ્ડન એપાર્ટમેન્ટમાં રહેતો મુઝમ્મીલ બસીર શેખ, સાહિલ ફારુક મલેક, અબ્દુલ ગની અબ્દુલ રસીદ સાંચવાલા અને મહંમદ યુસુફ નવાઝને ઝડપી પાડ્યા હતા.

**DATE: 30/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**



# અંકલેશ્વરની હરિનગર બંગ્લોઝ સોસાયટીમાં દારૂ સાથે એક ઝડપાયો

ભરૂચ: અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે હરિનગર બંગલોઝ સોસાયટીમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરને ઝડપી પાડ્યો હતો.

અંકલેશ્વર શહેર-એ ડિવિઝન પોલીસમથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, હરિનગર બંગ્લોઝ સોસાયટીમાં મીરા ઓટો ગેરેજની પાછળ રહેતો બુટલેગર રવિન્દ્રકુમાર કાંતિલાલ મોદી પોતાના ઘરે મોટા પાયે વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખી વેચાણ કરે છે, એવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસને સ્થળ પરથી વિદેશી દારૂની 213 નંગ બોટલ મળી આવી હતી. પોલીસે 34 હજારનો દારૂ અને બે ફોન મળી કુલ 39 હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો, અને બુટલેગર રવિન્દ્રકુમાર મોદીની ધરપકડ કરી હતી. જ્યારે વિદેશી દારૂનો જથ્થો આપનાર અરવિંદ વસાવાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 30/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## ભરૂચના કુકરવાડા ગામે પોલીસનો દરોડો

# લીમડાની નીચે જાહેરમાં જુગાર રમતાં 6 ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના કુકરવાડા ગામે નવી વસાહતમાં જાહેરમાં જુગાર રમતાં 6 જણાને તાલુકા પોલીસની ટીમે ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી કુલ 11 હજારથી વધુની રોકડ જપ્ત કરી હતી.

ભરૂચ તાલુકા પોલીસને ચક્કસ બાતમી મળી હતી કે, કુકરવાડા ગામે નવીવસાહતમાં કેટલાંક શખ્સોએ લીમડાના ઝાડ નીચે જાહેરમાં જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે જુગાર રમતાં અલ્પેશ પ્રજાપતિ, કલ્પેશ પટેલ, રાકેશ વસાવા, રણજીત વસાવા, હસમુખપટેલ તેમજ બચુ માછીપટેલ નામના 6 જુગારિયાઓને પોલીસે ઝડપી પાડ્યાં હતાં.ટીમે તેમની પાસેથી દાવ પર લાગેલાં તેમજ અંગઝડતીમાથી મળેલાં સહિત કુલ 11 હજારથી વધુની રોકડ જપ્ત કરી હતી. ટીમે તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 31/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# અંકલેશ્વરમાં રૂ.45 લાખની લૂંટ પ્રકરણમાં આંગડિયાકર્મી જ ખુદ આરોપી નીકળ્યો

**લુંટારૂઓ** મરચાંની ભૂકી નાંખીને ચપ્પુની અણીએ લૂંટી ગયાની ખોટી ફરિયાદ નોંધાવી હતી





ભરૂચ, અંકલેશ્વરઃ સોમવારે અંકલેશ્વર-ભરૂચને માર્ગમાં ભરૂચની આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી રૂ.૪૫ લાખ રૂપિયા લૂંટીને ફરાર થઇ જવાની ઘટનામાં ખુદ ફરિયાદી જ આરોપી નીકળ્યો હતો. પરંતુ તપાસ બાદ જે હકીકત સામે આવી તે ચોંકાવનારી હતી. આંગડિયા પેઢીના કર્મચારી ભરત પટેલે જાતે જ લૂંટનો કારસો રચ્યો હોવાનો આખો ભાંડો પોલીસે ફોડી નાંખ્યો હતો.

બનાવની હકીકત જે રીતે લૂંટનો ભોગ બનવાનું નાટકબાજ ભરત પટેલે રજૂ કરી હતી, તે પ્રમાણે પોતે એક્ટિવા લઈને ભરૂચના ચકલા વિસ્તારમાં આવેલી આંગડિયા પેઢીમાંથી રૂ.૪૫ લાખ રૂપિયા લઇને ગાડીની ડીકીમાં મૂકીને અંકલેશ્વર તરફ જવા માટે નીકળ્યો હતો. આ સમયે તેમની પાછળ બે બાઈક ઉપર આવેલા ૪ ઈસમ તેમને આંતરીને ચપ્પુ બતાવી રોકી આંખોમાં મરચાંની ભૂકી નાંખીને ડીકીમાં મૂકેલા રૂ.૪૫ લાખની લૂંટ ચલાવીને ભાગી છૂટ્યા હોવાની મનમાં જ સ્ક્રીપ્ટ બનાવી હતી.

ભેજાબાજ ભરત પટેલે જણાવ્યું હતું કે, લૂંટની ઘટના બાદ તેના મોં ઉપર પડેલી મરચાંની ભૂકી પાણીથી ધોવા માટે અડધો કિલોમીટર દૂર સુધી પોતાની એક્ટિવા લઈને આવ્યો હોય, સાથે લુંટારૂઓએ ચપ્પુની અણી બતાવી હોય તેવો આક્ષેપ કર્યો હતો. પરંતુ આંગડિયા પેઢીના કર્મચારી ભરત પટેલ ઉપર મરચાંની ભૂકી નંખાઈ હોય તેવા કોઈ અણસાર સોમવારે તેની આંખોમાં લાલ થઇ હોય એવા દેખાતા ન હતા. અને લૂંટની ઘટના પણ ઉપજાવી કાઢી હોવાનું જણાઇ આવ્યું હતું. જે બાદ આંગડિયા પેઢીના કર્મચારીનો મોબાઈલ પણ લઈ ગયા હોવાની રજૂઆત કરવામાં આવી હતી. જેના પગલે સમગ્ર ઘટનામાં સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવ્યા હતા. આ ઘટના શંકાના દાયરામાં હોવાથી ફરિયાદીની ક્રોસ પૂછપરછ કરવામાં આવી હતી.

તપાસમાં સામે આવ્યું હતું કે, આંગડિયા પેઢીમાંથી રૂપિયા લઈને નીકળેલા આંગડિયા પેઢીના કર્મચારી ભરત પટેલે છાપરા પાટિયા નજીક આવી લૂંટનો ભોગ બન્યો હોવાનું ષડયંત્ર રચી પોતાની પાસે રહેલા રોકડા રૂ.૪૫ લાખ નજીકમાં જમીનમાં દાટી દીધા હતા, અને પોતાની સાથે લૂંટ થઇ હોવાનું ષડયંત્ર ઊભું કર્યું હતું. પરંતુ પોલીસે ઝીણવટભરી તપાસ કરી આખરે લૂંટનું ષડયંત્ર રચનાર ભરત પટેલને ઝડપી પાડતાં લૂંટમાં આરોપી બની ગયો હતો.

# અંકલેશ્વરની નેક્ટર એન્જિનિયરિંગમાં ચોરીની ઘટનામાં વધુ એક આરોપી ઝડપાયો

ભરૂચ: ગત તા.૨૮મી એપ્રિલના રોજ અંકલેશ્વર જીઆઈડીસીમાં નેક્ટર એન્જિનિયરિંગ ફેબ્રિકેશન કંપનીને તસ્કરોએ નિશાન બનાવી હતી. તસ્કરો કંપનીના કમ્પાઉન્ડમાં પ્રવેશ કરી એસ.એસ.ના સ્પેરપાર્ટ અને સ્ટ્રક્ચર મટિરિયલ્સ ૬૫૪ કિલો ગ્રામ સામાન મળી કુલ ૭૨ હજારથી વધુના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. આ ચોરી અંગે જી.આઈ.ડી.સી. પોલીસે ગુનો નોંધી અગાઉ ભંગારિયા સહિત બે ઇસમને ઝડપી પાડ્યા હતા. દરમિયાન આ ચોરીમાં સંડોવાયેલા વધુ એક આરોપીને સમીરકુમાર ઉર્ફે ગોરિયા યાદવને ગણેશ પાર્ક સોસાયટી ખાતેથી ઝડપી પાડી તપાસ હાથ ધરી છે.

**DATE: 31/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# અંદાડા ગામે પનીરની સબજી બાબતે ગ્રાહકની હત્યા કરનાર હોટલ સંચાલકોની ધરપકડ

અંકલેશ્વર : આ અંકલેશ્વરના અંદાડા ગામમાં આવેલ મસ્જિદ ફળિયામાં રહેતી મોંગીબેન હીરાભાઈ વસાવાના ભાણેજ ઉપેન્દ્ર વસાવાના પુત્ર અંકિત વસાવાના ઘરેથી અનિકેત નામના યુવાનને ૫૦૦ રૂપિયા આપી અંદાડા ગામમાં આવેલ કન્યાશાળા પાસે શ્રી સાંઈરામ હોટલ ખાતે પનીર સબ્જી લેવા મોકલ્યો હતો જ્યાં હોટલના સંચાલકોએ તેને પનીર સબ્જી આપવાનું ના કહેતા અંકિત વસાવા અને અનિકેત સાથે ફરી સબ્જી લેવા ગયા હતા તે વેળા હોટલ સંચાલકો વચ્ચે બોલાચાલી કરી હતી જે બાદ મંગીબેન વસાવાની બહેનનો પુત્ર ૨૧ વર્ષીય અરુણ પ્રવીણ વસાવા,વિજય વસાવા અને ધર્મેશ વસાવા સહિત ચારેય જણા ત્યાં ગયા જતા અને હોટલના સંચાલકો કૈલાશ યાદવ અને રાધેશ્યામ યાદવને પનીરની સબ્જી કેમ આપી નહીં તેમ કહેતા જ ઉશ્કેરાયેલા બંને સંચાલકો એ ચારેય યુવાનો ઉપર તૂટી પડ્યા હતા અને અરુણ વસાવાને ઢિકકા પાટુ વડે મૂઢ માર માર્યો હતો.જેને પગલે અરુણ વસાવા હોટલની બહાર નીકળતા જ ઢળી પડી બેભાન થઈ જતા મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે અંકલેશ્વર પોલીસે હોટલ સંચાલકો કૈલાશ યાદવ અને રાધેશ્યામ યાદવ સામે હત્યાનો ગુનો નોંધી ધરપકડ કરી છે.

**DATE: 31/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# ભંગારીયાઓ પર નજર રખાશે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર તથા જિલ્લામાં ચોરીના વધી રહેલાં બનાવોને રોકવા માટે પોલીસે ભંગારીયાઓ પર નજર રાખવાનું શરૂ કર્યું છે. ખાસ કરીને સોસાયટીઓ કે અન્ય સ્થળોએ લારીઓ લઈને ભંગારની ઉઘરાણી કરતાં ભંગારીયાઓ માટે કેટલીક સૂચનાઓ જારી કરવામાં આવી છે. ફેરી ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ મૂળ વતની હોય ત્યાંથી પોલીસ ક્લીયરન્સ સર્ટીફીકેટ લાવીને રાખવું તેમજ જે જગ્યાએ હાલમાં રહેતાં હોય ત્યાનું પણ પોલીસ ક્લીયરન્સ સર્ટીફીકેટ મેળવવા પડશે.

### એક શખ્સની ધરપકડ, સાગરિતોની તપાસ શરૂ

# ઓસારાથી ₹ 1.10 લાખના લોખંડના સળિયા મળી આવ્યાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નબીપુર પોલીસના હેડ કોન્સ્ટેબલ વિપીનને ચોક્કસ બાતમી મળી હતી કે, ઓસારા ગામમાં સ્કૂલની બાજુમાં ખુલ્લામાં મોટી માત્રામાં લોખંડના સળિયાનો જથ્થો શંકાસ્પદ હાલતમાં મુકાયેલો છે. તેણે પીએસઆઈ કે. એમ. ચૌધરીને જાણ કરતાં તેઓ ટીમ સાથે સ્થળ પર દોડી ગયાં હતાં ટીમે સ્થળ પરથી સલીમખા અલીખા સમેજા ( હાલ રહે. તવરા, ઠાકોર ફળિયું, મુળ રહે. રાજસ્થાન બાડમેર) હોવાનું માલુમ પડ્યું હતું.

ઓસારા ગામમાં સ્કૂલની બાજુમાં ખુલ્લામાં મોટી માત્રામાં લોખંડના સળિયાનો જથ્થો શંકાસ્પદ હાલતમાં મુકાયેલો છે.પોલીસે તેની પાસેના સળિયાના જથ્થા અંગે પુછપરછ કરતાં તેની પાસે કોઇ દસ્તાવેજ મળ્યાં ન હતાં. ટીમે સ્થળ પરથી કુલ 1.10 લાખની કિંમતના 2,219 કિલો વજનના 40 ફૂટના 190 સળિયા જપ્ત કરી સલીમથી ધરપકડ કરી હતી. ટીમે તે સળિયા ક્યાંથી લાવ્યો તેની પુછપરછ શરૂ કરી હતી. ભરૂચ શહેરના તવરા રોડ, ચાવજ રોડ સહિતના વિસ્તારમાં બહુમાળી ઈમારતોના નવા પ્રોજેક્ટો ચાલી રહ્યાં છે. ત્યારે કોઈ સાઈટ પરથી સળિયા ચોરાયાં હતાં કે કેમ તે સહિતની વિગતો મેળવવાની કવાયત પોલીસે હાથ ધરી છે.

**DATE: 01/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### આગામી 20મી જૂનના રોજ ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળશે

# અંકલેશ્વરમાં રથયાત્રાની તૈયારીઓ શરૂ 20 દિવસ પહેલાં જ પોલીસની ફૂટ માર્ચ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ દ્વારા ફૂટ માર્ચ યોજવામાં આવી હતી. જગન્નાથ રથયાત્રાને લઈ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ભરૂચ અને અંકલેશ્વર તથા નર્મદા જિલ્લામાં રાજપીપળા ખાતે અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથજીની રથયાત્રા યોજવામાં આવતી હોય છે.



20 મી જૂન રોજ ભગવાન જગન્નાથ રથમાં સવાર થઈ અંકલેશ્વર માં નગર ચર્યાએ નીકળશે. જેની તડામાર તેયારી અંકલેશ્વર કમાલીવાડી હરિદર્શન સોસાયટી ખાતે જગન્નાથ મંદિર ખાતે શરૂ કરાઈ છે. તો કાયદો અને વ્યવસ્થા પણ જળવાય રહે એ ઉદ્દેશ્ય સાથે પોલીસ દ્વારા પણ કમર કસી છે અંકલેશ્વર વિભાગીય પોલીસ વડા ચિરાગ દેસાઈ તેમજ શહેર એ ડિવિઝન પી.આઈ. આર. એચ. વાળા તેમજ પોલીસ સ્ટાફ સાથે ડી.વાય.એસ. પી કચેરીથી ગત રોજ ફૂટ માર્ચ યોજવામાં આવી હતી. યાત્રા માર્ગ પર પોલીસ દ્વારા બોડી કેમ સાથે વાહન ચેકિંગ કરાયું હતું. આગામી દિવસોમાં વાહન માર્ચ તેમજ ફૂટ પેટ્રોલિંગ, સાથે શાંતિ સમિતિ સાથે મોહલ્લા સમિતિની બેઠક યોજવામાં આવશે.

**DATE: 01/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાં ભંગાર સાથે એક ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

હાંસોટ રોડ ઉપર પાણી પુરવઠાની ઓફિસ પાસેના પ્લોટમાં એક ઈસમ જૂની લોખંડની પ્લેટો સગેવગે કરી રહ્યો હોવાની બાતમી મળતાં પોલીસે દરોડો પાડયો હતો. પોલીસે સ્થળ પરથી શશીકાંત રાઠોડને ઝડપી પાડયો હતો. તેની પાસે લોખંડની પ્લેટો અંગે પુરાવા માગતા તે રજૂ કરી શકયો ન હતો. જેથી પોલીસે 26 હજારનો મુદામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 01/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# આરકે કાસ્ટાના બેઝમેન્ટમાં કાર હતી

# એલસીબીએ 96 હજારનો દારૂ ભરેલી ઈકો જપ્ત કરી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીની ટીમના હેડ કોન્સ્ટેબલ સંજયને ચોક્કસ બાતમી મળી હતી કે, આર.કે. કાસ્ટા એપાર્ટમેન્ટમાં આવેલી અક્ષર દીપ હોસ્પિટલના બેજમેન્ટમાં વિદેશી દારૂ ભરેલી સફેદ કલરની એક ઈકો કારમાં પડેલી છે. જેના પગલે ટીમે તુરંત સ્થળ પર પહોંચી તપાસ કરતાં બેઝમેન્ટમાંથી કાર મળી આવી હતી કાર ખોલી જોતાં તેમાં વિદેશીદારૂની કુલ 22 પેટી સંતાડેલી હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તપાસ કરતાં કારમાં કુલ 96 હજારની મત્તાની નાની-મોટી કુલ 888 બોટલો મળી આવી હતી. કારનો કોઈ માલિક ત્યાં મળી આવ્યો ન હતો. ઘટનાને પગલે પોલીસે તમામ દારૂનો જથ્થો તેમજ કાર સહિત 2.96 લાખનો મુદ્દામાલ જપ્ત કરી પ્રાથમિક તબક્કે અજાણ્યાં શખ્સ વિરૂદ્ધ ગુનો નોંધી કારના નંબરના આધારે વિદેશીદારૂનો વેપલો કોણ કરે છે તેની વિગતો મેળવવા માટેની કવાયત હાથ ધરી છે.

**DATE: 02/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–04**

# રાજપારડીમાં રૂ.૬ લાખથી વધુનું મટિરિયલ સગેવગે કરનાર સામે ફરિયાદ

ઝઘડિયાઃ રાજપારડીનો GTPL સબ ડિવિઝનનો જેસપોર ગામના કર્મીએ અઢી વર્ષમાં છથી સાત લાખ રૂપિયા વસૂલીને કંપનીમાં જમા ન કરાવતાં વિશ્વાસઘાતનો રાજપારડી પોલીસમાં ગુનો નોંધાવ્યો હતો.

ગુજરાત ટેલિલિંગ પ્રાઇવેટ લિમિટેડના યુનિટ ટેક્નિકલ હેડ અશોકભાઈ ચંદુભાઈ રોહિત અંકલેશ્વર ખાતે નવા કસ્ટમરને જોડાણ કે કસ્ટમરની ફરિયાદને દેખરેખ રાખવાનું કામ કરે છે. તેમજ તેમની અન્ડર રાજપારડી GTPLનું સબ ડિવિઝનમાં શૈલેશભાઈ કોયાભાઈ વસાવા (રહે.,જેસપોર, તા.ઝઘડિયા)ના ટેક્નિકલ સ્ટાફ તરીકે વર્ષ-૨૦૧૩થી કામ કરે છે. કંપનીનું કામ કરવા માટે તેમને કંપની દ્વારા કેબલ, ફાઇબર, ફાઇબર પેચકોટ, ફાયબર ક્લોઝર, રાઉટર્સ, મિડીયા કન્વેટર જેવું મટિરિયલ આપવામાં આવતું હતું. આ મટિરિયલ GTPLના રજિસ્ટર્ડ ગ્રાહકોના ઉપયોગ માટે અપાતું હતું.

થોડા સમય પહેલાં કંપનીના ધ્યાને એવું આવ્યું કે કંપની દ્વારા અપાતું મટિરિયલ શૈલેશ વસાવા ગ્રાહકો સિવાયના અન્ય ઇસમોને આપીને તેનાં નાણાં વસૂલતો હતો.

અઢી વર્ષ સુધીમાં કંપનીનું મટિરિયલ સગેવગે કરી લીધું હતું. તા.૧-૧-૨૦૨૧થી તા-૩૧-૫-૨૦૨૩ દરમિયાન શૈલેશ વસાવાએ મટિરિયલ સગેવગે કરતાં રૂ.છથી સાત લાખ જેટલા મટિરિયલ બાબતે યુનિટ ટેક્નિકલ હેડ અશોકકુમાર રોહિતે રાજપારડી પોલીસમાં ફરિયાદ આપી હતી. શૈલેશ કોયાભાઈ વસાવા વિરુદ્ધ વિશ્વાસઘાતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 02/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# અંકલેશ્વરમાં શંકાસ્પદ કોપર વાયર સાથે 3 ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વર તાલુકા પોલીસે જીતાલી ગામ પાસે આવેલા પ્લેટિનિયમ ઇન્ડસ્ટ્રિયલ કંપની તરફ જવાના માર્ગ ઉપરથી શંકાસ્પદ કોપર વાયર મળી રૂપિયા ૬૦ હજારથી વધુના મુદ્દામાલ સાથે ત્રણ ઇસમોને ઝડપી પાડ્યા હતા. અંકલેશ્વર તાલુકા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. એ દરમિયાન જીતાલી ગામ પાસે આવેલ પ્લેટિનિયમ ઇન્ડસ્ટ્રિયલ કંપની તરફ જવાના માર્ગ ત્રણ ઈસમો ચાર કોથળા સાથે ઊભા હતા. જેઓ ઉપર પોલીસને શંકા જતાં પોલીસે તેઓ પાસે જઈ જોતાં તેમના પાસે રહેલ કોથળામાં કોપર વાયર મળી આવ્યા હતા. પોલીસે કોપર વાયર અંગે ત્રણેય ઈસમોની પૂછપરછ કરતાં તેઓએ સંતોષકારક જવાબ નહીં આપતાં પોલીસે મૂળ રાજસ્થાન અને હાલ જીતાલી ગામ પ્લેટિનિયમ ઇન્ડસ્ટ્રિયલ પાસે રહેતો પપ્પુસિંગ સર્વતસિંગ રાવત, કાનાસિંગ ડુંગરસિંગ રાવત અને રાજુલાલ દીસુજીલાલ ભીલને ઝડપી પાડી ૭૬.૬૦૦ કિલો કોપર ૫૫ હજાર અને ફોન મળી કુલ ૬૦ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

DATE: 02/05/2023 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE–11

# સેંગપુરના કુવાળી ફળિયામાં દારૂ સાથે મહિલા ઝડપાઈ

અંકલેશ્વર: અંકલેશ્વર તાલુકા પોલીસે સેંગપુર ગામના કુવાળી ફળિયામાંથી વિદેશી દારૂના જથ્થા સાથે મહિલા બુટલેગરને ઝડપી પાડી હતી. અંકલેશ્વર તાલુકાના સેંગપુર ગામના કુવાળી ફળિયામાં રહેતો બુટલેગર હસમુખ નરોત્તમ વસાવા પોતાના ઘરે વિદેશી દારૂનું વેચાણ કરે છે, એવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂનો જથ્થો મળી કુલ ૪૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને સવિતાબેન નરોત્તમ વસાવાને ઝડપી પાડી હતી. જ્યારે બુટલેગર ફરાર થઇ ગયો હતો.

**DATE: 02/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# અંકલેશ્વર ખાતે કુટણખાનું ચલાવતી મહિલા સંચાલક સહિત ૪ ગ્રાહક ઝડપાયા

અંકલેશ્વર તાલુકા સેવા સદન રોડ પર આવેલ હર્ષ પાર્ક સોસાયટી ખાતે ઘરમાં કુટણખાનું ચાલી રહ્યું હોવાની માહિતી બી ડિવીઝન પોલીસને મળી હતી. જેના આધારે અંકલેશ્વર બી ડિવિઝન પી.આઈ. વી યુ ગડરિયા એ સ્ટાફ સાથે દરોડા પાડવામાં આવ્યા હતા જ્યાં મકાન નંબર ૧૦૧ અને ૧૦૨ માં રહેતા રતનબેન લક્ષ્મણ મારવાડી દ્વારા અલગ અલગ યુવતીને બોલાવી ગ્રાહકો પાસેથી ૯૦૦ રૂપિયા લઈ ઘરમાં જ કુટણખાનું ચલાવી રહ્યા હતા. પોલીસે સ્થળ પરથી ૪ ગ્રાહક અને ૨ યુવતીને ઝડપી પાડ્યા હતા. પોલીસે કુટણખાનુંસંચાલક મહિલા રતનબેન મારવાડીની ધરપકડ કરી હતી. તેમજ ગ્રાહક મહોમદ શાહરૂખ નુરઅલી હસન, ઈર્શાદ ઈમ્તિયાક ખાન, ચંદ્રકાંત મગનલાલ પટેલ અને અરુણ વિશ્રામ રાજપૂતની પણ ધરપકડ કરી હતી જ્યારે બંને યુવતીની પૂછપરછ કરીને સ્થળ પર થી રોકડ રકમજપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 02/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# અંકલેશ્વરમાં ચોરીની બાઈક સાથે એક આરોપીને ઝડપી પાડતી ક્રાઈમ

અંકલેશ્વર : ભરૂચ જિલ્લામાં ગુનાખોરીને ડામવા માટે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પોલીસ વિભાગ દ્વારા સઘન ચેકીંગ અને પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે, તેવામાં વધુ એક બાઈક ચોરને પોલીસે ઝડપી પાડ્યો છે. ભરૂચ ક્રાઈમ બ્રાંચ દ્વારા બાતમીના આધારે અંકલેશ્વરના અંબિકા નગર સોસાયટી ખાતે દરોડા પાડ્યા હતા જ્યાં ચોરીની બાઈક સાથે એક ઈસમને ઝડપી પાડ્યો હતો. જે બાદ ઈસમની પૂછપરછ હાથ ધરવામાં આવતા તે ભાંગી પડ્યો હતો. આ બાઈક આશરે એક વર્ષ અગાઉ તેણે ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. ક્રાઈમ બ્રાંચ દ્વારા મામલે નરેશભાઈ ચુનીલાલ ગોંધી રહે, અંબિકા નગર સોસાયટી અંકલેશ્વર નાઓની ધરપકડ કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## નેત્રંગ તાલુકાના નાના જાંબુડા ગામેથી ગાંજો ઝડપાયો

# વાડામાંથી ગાંજો મળ્યો છતાં પણ આરોપી કહે છે મને ખબર નથી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નેત્રંગ તાલુકામાં આવેલાં નાના જાંબુડા ગામે રહેતાં શખ્સના ઘરના વાડામાં વાવેલાં ગાંજાના 5 છોડ એસઓજીની ટીમે જપ્ત કર્યાં હતાં. બનાવ સંદર્ભે નેત્રંગ પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં ટીમે તેને કોર્ટમાં રજૂ કરતાં અદાલતે તેના એક દિવસના રિમાન્ડ મંજૂર રાખ્યાં હતાં. ભરૂચ એસઓજીની ટીમે નેત્રંગ તાલુકામાં આવેલાં નાના જાંબુડા ગામે રહેતો પ્રલ્હાદ રૂપસિંગ વસાવાએ તેના ઘરના વાડામાં ગાંજાના છોડનું વાવેતર કર્યું હોવાની ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. ટીમે પ્રલ્હાદના ઘરે પહોંચી વાડામાં ઢોરને ખવડાવવા માટે ઉગાડેલાં ગજરા ઘાસ(બાટુ)ને કોર્ડન કરી તપાસ કરતાં ત્યાં ગાંજના 5 છોડ લગાડેલાં હોવાનું માલુમ પડતાં પાંચેય છોડ જડ-મુળમાંથી ઉખેડી વજન કરતાં કુલ 26 હજારની વધુની મત્તાનાં 2.614 ગાંજાના છોડ હોવાનું માલુમ પડ્યું હતું. આરોપી વિરૂદ્ધ નેત્રંગ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. નેત્રંગ પોલીસ મથકના પીએસઆઈ કેતન વાઘેલાએ આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરતાં અદાલતે તેના એક દિવસના રિમાન્ડ મંજૂર રાખ્યાં હતાં. પીએસઆઈ કેતન વાઘેલાએ જણાવ્યું હતું કે, આરોપી ક્યાંથી છોડ લાવ્યાં તે અંગેનું પુછતાં, તેને છોડ બાબતે કોઈ જાણ ન હોવાનું તેમજ કોઈએ તેમના વાડામાં બિયાં નાંખી ગયું હશે તેવી કેફિયત રજૂ કરી હતી.

DATE: 03/05/2023 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE–07

# અંકલેશ્વરમાં ચોરીની બાઈક સાથે એક ઝડપાયો

ભરૂચ: ભરૂચ એલસીબીનો સ્ટાફ વાહન ચોરીના ગુના શોધી કાઢવા માટે અંકલેશ્વર શહેર વિસ્તારમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, અંકલેશ્વરના દીવા રોડ ઉપર આવેલી અંબિકાનગર સોસાયટી શંકાસ્પદ નંબર પ્લેટ વિનાની બાઇક સંતાડી રાખી છે. જે બાઇક હાલમાં તેના ઘરની બાજુમાં પાર્ક કરી છે. આ બાતમીના આધારે અંબિકાનગર સોસાયટી ખાતે પહોંચી ચોરીની બાઇક સાથે એક ઇસમને ઝડપી પાડ્યો હતો. તેની સઘન પૂછપરછ કરતાં આરોપી ભાંગી પડ્યો હતો અને આશરે એક વર્ષ પહેલાં ચોરીની બાઇક વેચાણ રાખી હોવાની કબૂલાત કરી હતી. આ બાઇક અંગે અંકલેશ્વર રૂરલ પોલીસ સ્ટેશનમાં ચોરીનો ગુનો દર્જ કરવામાં આવ્યો હતો. પોલીસે નરેશભાઇ ચુનીલાલ ગાંધી નામના આધેડ વ્યક્તિ વિરુદ્ધ કાર્યવાહી કરી અંકલેશ્વર તાલુકા પોલીસને સોંપ્યો હતો.

**DATE: 03/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## અવિધાનો બાળક તેના મામા સાથે રહેતો હતો

# બોરભાઠાથી ગુમ થયેલો બાળક અંકલેશ્વરથી મળ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના બોરભાઠા ગામમાં મામા સાથે રહેતો 5 વર્ષીય બાળક ગુમ થઇ જતાં પરિવારના લલાટે ચિંતાની લકીરો ઉપસી આવી હતી પણ અંતે પોલીસની મદદથી ગુમ થયેલો બાળક મળી આવ્યો હતો.

બાલારામ એપાર્ટમેન્ટ વિસ્તારના એક નાગરિક દ્વારા પોલીસને જાણ કરી હતી કે, આશરે પાંચ વર્ષનું બાળક અને માતા પિતાથી વિખૂટા પડી ગયું છે. જેથી સ્ટાફના માણસોએ તાત્કાલીક જગ્યા પર પહોંચી બાળકને પોલીસ સ્ટેશન લઈ આવી અને તેને ચા-નાસ્તો કરાવી અને શાંતિથી પૂછપરછ કરતા તેને માતા પિતાનું નામ જણાવ્યું હતું. તે અવિધા ગામના રહેવાસી છે અને વધુ તપાસ કરતાં આ બાળક તેના મામા વસાવા સાહેલ અર્જુન સાથે નવા બોરભાઠામાં રહેતો હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેના મામાને પોલીસ સ્ટેશન ખાતે બોલાવી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

**DATE: 03/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# વીજ થાંભલા નીચે જુગાર રમતાં પાંચ જણા ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

પાલેજ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે વેળાં તેમને બાતમી મળી હતી કે, પારખેત જવાના માર્ગ પર કેટલાંક શખ્સો જુગાર રમે છે . જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે જુગાર રમતાં મોહસિન પટેલ, વલ્લી માલજી, અનવર કોઢીયા, હારૂન સુતરિયા, ફારૂક બાબરિયા તેમજ સરફરાજ પટેલને ઝડપી પાડ્યાં હતાં. તેમજ તેમની પાસેથી 13હજારથી વધુની રોકડ રકમ તેમજ 20 હજારથી વધુની મત્તાના 6 મોબાઈલ મળી કુલ 35 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

**DATE: 03/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

# ONGC પોઇન્ટ પાસે જુગાર રમતાં હતાં
# ડાભા ગામમાં જુગાર રમતાં સાત ઝડપાયાં, બે હજી ફરાર

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

જંબુસર તાલુકામાં આવેલાં ડાભા ગામેથી વાવલી તરફ જવાના રસ્તા પર ઓએનજીસી પોઇન્ટની પાછળના ભાગે આવેલી પડતર જગ્યામાં કેટલાંક શખ્સોએ ભેગા થઇ જુગાર રમી રહ્યાં હોવાની ચોક્કસ બાતમી વેડચ પોલીસને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઇ હતી. પોલીસે તે પૈકીના ઇમરાન ગફુર મલેક, રફીક હસન ભટ્ટી, વારીસ ઉર્ફે મલંગ અબ્દુલ હુસેન મોટાજી મલેક, લિયાકત શબીર અહેમદ મલેક, બસીર નુરભા ભટ્ટી, જાકીર હુસેન ગુલામ ભટ્ટી તેમજ સોહિલ અહમદ રસુલ મલેકને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે ઐયુબ ઇબ્રાહિમ ભટ્ટી તેમજ શબ્બીર ઉર્ફે ડેની રસુલ મલેકે પોલીસને ચકમો આપી ત્યાંથી નાસી છુટ્યાં હતાં.પોલીસે સ્થળ પરથી કુલ 12 હજારથી વધુની રોકડ જપ્ત કરી હતી.

**DATE: 04/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# નબીપુરની વિરામ હોટલના પાર્કિંગમાં કન્ટેઈનરમાંથી લાખોનો દારૂ ઝડપાયો

ભરૂચ: ભરૂચ જિલ્લામાંથી પસાર થતા રાષ્ટ્રીય ધોરી માર્ગ નં.૪૮ પર આવેલા નબીપુર નજીક આવેલી વિરામ હોટલના પાર્કિંગમાં રહેલા કન્ટેનરમાંથી ભરૂચ એલસીબી પોલીસે રૂપિયા બાવીસ લાખ ઉપરાંતનો બ્રાન્ડેડ દારૂનો જથ્થો ઝડપી પાડતાં બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમો નેશનલ હાઈવે ઉપર પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન બાતમી મળી હતી કે, NH-48ના ભરૂચથી વડોદરા જતા ટ્રેક ઉપર નબીપુર ઓવરબ્રિજથી આગળ આવેલા વિરામ હોટલના પાર્કિંગમાં HR-47-C-2075 નંબરનું બંધ બોડીનું કન્ટેનર પાર્ક કર્યું છે, જેમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ભરેલ છે.

બાતમીના આધારે પોલીસે વિરામ હોટલના પાર્કિંગમાં તપાસ કરતાઁ તેમાં અલગ અલગ બ્રાન્ડની દારૂનાં કુલ બોક્સ નંગ-૬૨૯ જેમાં કુલ બોટલ નંગ-૭૫૧૨ કિંમત રૂ.૨૨,૫૩,૬૦૦ના જથ્થા સહિત કુલ મુદ્દામાલ કિંમત રૂ.૩૭,૫૬,૭૪૦ મળી આવ્યો હતો. સાથે એક આરોપી તેજારામ કીશનારામ મેઘવાલ (રહે.,રાણાતા ભગવાનપુરા, રાજસ્થાન)ને ઝડપી પાડ્યો હતો. જ્યારે અન્ય એક આરોપી મનોજભાઈ (રહે.,રાજસ્થાન)ને વોન્ટેડ જાહેર કર્યો હતો.

# બરાનપુરાના યુવકની બાઈક ચોરનાર ઝડપાયો

ભરૂચ: ભરૂચના દાંડિયા બજાર સ્થિત બરાનપુરા વિસ્તારમાં રહેતા સૅજલકુમાર શંભુભાઈ પટેલનો દીકરો બર્ગમેન મોપેડ નં.(GJ-૧૬ TE-૨૧૬૨) લઈને તા.૧૭મી મેના રોજ સાંજે ભરૂચ શીતલ સર્કલ વિસ્તારમાં T-૮ ફિટનેસ જીમમાં ગયો હતો. એ વેળા જીમ નીચે પાર્ક કરેલી મોપેડને કોઈ વાહનચોર ચોરી કરી જતાં ભરૂચ સી-ડિવિઝનમાં રૂ.૮૨ હજારની મોપેડ ચોરીનો ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસને એવી બાતમી મળી હતી કે, ચોરી થયેલી મોપેડ એક ઈસમ કસક ગરનાળાથી સર્કલ તરફ પસાર થાય છે. જેને લઈને પોલીસે ઝડપી પાડી સઘન પૂછપરછ કરતાં ચોર કંથારિયાના આશિયાનાનગરમાં રહેતો યાસીન યુનુસ બાજીભાઈને કાગળો ન આપતાં આખરે પોલ પકડાઈ જતાં અટકાયત કરાઈ હતી.